

# બીજા તબક્કામાં મહાનુભાવોનું મતદાન


એલ કે અડવાણી
નરેન્દ્રભાઈ મોદી
શંકરભાઈ ચૌધરી


શંકરસિંહ વાઘેલા


પ્રવીણ તોગડિયા


ભરતસિંહ સોલંકી




જે એન સિંહ



બી બી સ્વૈન


કિરણ મોરે


અરુણ જેટલી


પંકજકુમાર


ભરત પંડ્યા અને પરિવાર


આનંદીબેન પટેલ


હાર્દિક પટેલ

## ચૂંટણી ચોતરેથી

● બીજા તબક્કાની ૯૩ બેઠકો માટે યોજાયેલા મતદાનમાં ઈવીએમ ખોટવાયાની ફરિયાદો ૧૮થી વધુ સ્થાનોએથી મળી હતી.

● છોટાઉદેપુરના બુથ નં. ૧૮૯ પર કમળ ચિહ્નવાળી થેલી લઈ મતદાન કરતા આચારસંહિતા ભંગની ફરીયાદ થઈ.

● થરાદના ડેલુકી ગામે ૧૦૯ વર્ષના હાસીબેન ચૌધરીએ મતદાન કર્યું હતું.

● વિસનગરમાં મારામારી થતા ૨૦ વ્યક્તિઓને ઈજા થતા સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયા હતા.

● થરાદના જમણા ગામે ઈવીએમ સાથે છેડછાડ કરતા યુવાનોને ઝડપી લઈ પોલીસને સોંપાયા હતા.

● જમાલપુર કાંચની મસ્જિદ પાસે ઉગ્ર બોલાચાલી અને ઝપાઝપી થતાં પોલીસ કાફલો દોડી ગયો હતો.

● વડગામના ચાંગા ગામે ઈવીએમને બ્લુટુથ સાથે કનેક્ટ થયાની ચર્ચા થતા ભારે વિવાદ સર્જાયો હતો.

● પાલનપુરના ખસા ગામે પણ ઈવીએમના મામલે ભારે વિવાદ સર્જાયો હતો.

● બનાસકાંઠાના ઢીમા ગામે ૧૨ લાખ રોકડા અને દારૂ પકડાયો હતો.

● સાવલીમાં બપોરે જુથ અથડામણ થતાં પોલીસ કાફલો પહોંચ્યો હતો.

● કોંગ્રેસના પ્રભારી અશોક ગેહલોત અને રાષ્ટ્રીય પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ ઈલેકશન કમિશનમાં પ્રધાનમંત્રીના રોડ શૉ અંગે રજુઆત કરી હતી.

● થરાદના ગણેશપુરા ગામે બોગસ મતદાન મામલે ધમાચકડી સર્જાઈ હતી.

## આણંદ, સાવલી, વિસનગરમાં પથ્થરમારો

અમદાવાદ, તા.૧૪

રાજયમાં આજે હાથ ધરવામા આવેલા બીજા તબકકાના મતદાન સમયે આણંદ,વડોદરાના સાવલી ઉપરાંત વિસનગર અને પાલનપુરમા અલગ અલગ કારણોસર જૂથો આમનેસામને આવી જતા ઘર્ષણ બાદ પથ્થરમારાની અને દુકાનો તેમજ વાહનોમા આગ લગાવવાની ઘટનાને પગલે જૂથ અથડામણમા ૨૦થી વધુ લોકોને ઈજા પહોંચવા પામતા તેમને સારવાર માટે હોસ્પિટલમા ખસેડવામા આવ્યા છે આ સાથે જ આ તમામ વિસ્તારોમા પરિસ્થિતિ વધુ ન વણસે એ માટે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામા આવ્યો છે.આ અંગે મળતી માહિતી અનુસાર,ગુજરાત વિધાનસભાની બીજા તબકકાની ચૂંટણીના મતદાન સમયે વિસનગરના હસનપુરમા એક જ કોમના બે જૂથ આમનેસામને આવી જતા પોલીસને ટોળાને વિખેરવા લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી જે દરમિયાન ૧૦ લોકો ઈજાગ્રસ્ત થતા તેમને સિવિલ હોસ્પિટલમા સારવાર માટે ખસેડવામા આવ્યા હતા.આ અંગે મળતી માહિતી અનુસાર,આજે વિસનગરના હસનપુરમાં ચૂંટણીના મુદ્દાને લઈને એક જ કોમના બે જૂથ વચ્ચે અથડામણની ઘટના બનવા પામતા પોલીસને લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી.સૂત્રોમાંથી મળતી માહીતી અનુસાર,બંને જૂથ વચ્ચે ચૂંટણીના મામલે ઉગ્ર બોલાચાલી થયા બાદ મારામારી પણ થવા પામી હતી જે દરમિયાન ટોળુ બેકાબૂ થઈ જતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી.ટોળુ દુર થતુ ન હોવાથી પોલીસને લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી.જે સમયે ૧૦ લોકોને ઈજા પહોંચવા પામતા તેમને સારવાર માટે વિસનગર સિવિલ હોસ્પિટલમા સારવાર માટે ખસેડવામા આવ્યા હતા.આ ઘટના બાદ આ વિસ્તારમાં ચુસ્ત બંદોબસ્ત માટે પોલીસ કાફલાને ગોઠવી દેવામા આવ્યો હતો.આ ઉપરાંત વડોદરાના સાવલીના વાકાનેર ગામમા બે જૂથો વચ્ચે અથડામણ થતા લોકોએ દુકાનો અને બાઈકો સળગાવી હતી.આ ઘટનાને લઈને પાંચ જેટલા લોકોને ઈજા પહોંચતા તેમને સારવાર માટે ખસેડવામા આવ્યા હતા.સાથે જ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામા આવ્યો હતો.મહેસાણાના કડા ગામમા પણ મતદાન મામલે પથ્થરમારો કરવામા આવતા બે લોકોને ઈજા પહોંચવા પામતા મહેસાણા સિવિલ હોસ્પિટલમા ખસેડવામા આવ્યા હતા. પાલનપુરના સદરપુરામા બે જૂથો સામસામે આવી જતા માહોલ તંગદીલી ભર્યો બનવા પામ્યો હતો.મધ્ય ગુજરાતના આણંદમા આજે મતદાન દરમિયાન ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે ઘર્ષણની ઘટના બનવા પામતા પથ્થરમારો કરવામા આવ્યો હતો.



## મોદીનો કથિત રોડ શો અંગે કોંગ્રેસનો ઉગ્ર વિરોધ

ગુજરાત વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કામાં મતદાન બાદ વડાપ્રધાન મોદી દ્વારા કથિત રોડ શોને લઈને કોંગ્રેસે ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. ચૂંટણી પંચ પર વડાપ્રધાન કાર્યાલયનું દબાણ હોવાનો આરોપ લગાવી કોંગ્રેસી કાર્યકરોએ દિલ્હીમાં ચૂંટણી પંચના કાર્યાલય બહાર વિરોધ પ્રદર્શન કર્યુ હતું. આ મામલે યુવા કોંગ્રેસના કાર્યકરોએ ચૂંટણી પંચના કાર્યાલય સુધી રેલી કાઢી. આ દરમ્યાન પોલીસે પ્રદર્શનકારીઓને પટેલ ચોકની પાસે સરદાર પટેલ ભવનની બહાર રોકી દીધા. પોલીસની કોંગ્રેસી કાર્યકરો સાથે શાબ્દીક ટપાટપી થઈ. જે બાદ વિરોધ પ્રદર્શન કરી રહેલા યુવા કોંગ્રેસના કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી.







## અરવલ્લી જિલ્લામાં ૧૦૦ વર્ષથી વધુ ઉંમરના વૃદ્ધ મતદારોનો ઉત્સાહ યથાવત

અરવલ્લી જિલ્લામાં લોકસભાની ત્રણ બેઠકો પર ભાજપ-કોંગ્રેસ વચ્ચે કાંટેકી ટક્કર વચ્ચે જિલ્લાના ૧૦૦ થી વધુ ઉંમરના વૃધ્ધોમાં લોકશાહી પર્વમાં મતદાન માટે પરિવારજનોના ખભે અને લાકડીના ટેકે મતદાન બુથ પર પહોંચી મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. મોડાસા તાલુકાના મોટી ઈસરોલના ૧૦૫ વર્ષના રૂપાબેન પટેલ, ચારણવાડાના ૧૦૧ વર્ષના કાળીબેન ધીરસિંહ પરમાર, મેઘરજ તાલુકાના રામગઢી ગામના ૧૧૪ વર્ષના વાળંદ મણીબેન સોમાભાઈ વાળંદ સહિતના વૃધ્ધોએ મતદાન કરી મતદાન તો કરવું જ પડે તેમ કહેતા નજરે પડતા હતા. અરવલ્લી જિલ્લામાં દિવ્યાંગોએ પણ ઉત્સાહ પૂર્વક મતદાન કર્યું હતું.

## ૬૮.૭૦ ટકા મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચારના છેલ્લા દિવસે ભાજપ અને કોંગ્રેસના તમામ દિગ્ગજ નેતાઓ પ્રચારમાં વ્યસ્ત રહ્યા હતા. જેમાં મુખ્યપ્રધાન વિજય રૂપાણીનો સમાવેશ થાય છે.

પ્રથમ તબક્કામાં અપેક્ષા કરતા ઓછુ એટલે કે ૬૬.૭૫ ટકા મતદાન થયા બાદ બીજા તબક્કામાં આજે ૬૮.૭૦ ટકા મતદાન થયું હતું. આજે મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં ૧૯ જિલ્લાની ૯૩ સીટ પર બીજા તબક્કામાં મતદાન થયું હતું. પ્રથમ તબક્કાની જેમ જ બીજા તબક્કામાંપણ ભાજપ અને કોંગ્રેસ તરફથી તમામ દિગ્ગજો મેદાનમાં આવ્યા હતા.જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસના પ્રમુખ રાહુલ ગાંધીનો સમાવેશ થાય છે. આજે સવારે રાજયની જે ૯૩ બેઠકો ઉપર મતદાનની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. આ બેઠકો ઉપર કુલ મળીને ૮૫૧ જેટલા ઉમેદવારોનુ ભાવિ ઈવીએમમા સીલ થઈ ગયુ હતું. રાજયની કુલ ૧૮૨ વિધાનસભા બેઠક માટે પહેલા તબકકાનુ મતદાન ૯ ડિસેમ્બરના રોજ પુરુ થયુ હતુ. છેલ્લા કેટલાક સમયથી રાજયના વિવિધ જિલ્લાઓ અને તાલુકા મથકો ખાતે રાજકીયપક્ષો દ્વારા કરવામા આવી રહેલા પ્રચાર અને પ્રસાર ઉપર મંગળવાર સાંજે પાંચ કલાકે રોક લાગી ગઈ હતી. રાજયમાં સૌ પ્રથમવાર વિધાનસભાની ચૂંટણી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સીધી હાજરી વગર યોજાઈ રહી હોઈ વડાપ્રધાન દ્વારા રાજયમાં સતત ચોથી વખત તેમના પક્ષની સરકાર રચાય એ માટે ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર કરવામા આવ્યો હતો.આ સાથે જ કોંગ્રેસ તરફથી રાહુલ ગાંધી દ્વારા તેમના પક્ષને ૨૨ વર્ષ બાદ સત્તા મળવાના સંજોગો દેખાતા તેમના દ્વારા પણ કોંગ્રેસ માટે પ્રચાર કરવામા આવ્યો હતો. આ ઉપરાંત પણ ભાજપ અને કોંગ્રેસના અનેક નેતાઓ દ્વારા આ ચૂંટણીમા પ્રચાર કરવામા આવ્યો કે જેમાં પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહનો સમાવેશ થતો હતો. ૧૬થી વધુ ઉમેદવારો મેદાનમા છે ત્યાં બે ઈવીએમ રાખવામાં આવ્યા હતા. મહેસાણામાં ૩૪ ઉમેદવારો, વટવામાં ૧૬, વિરમગામમા ૨૨, રાધનપુરમાં ૧૭, બાપુનગરમાં ૧૬,ધંધુકામાં ૧૬, ઉમેદવારના ભાવિ આજે ઈવીએમમાં સીલ થઈ ગયા હતા.

## સ્પષ્ટ સંકેત...

● અનુસંધાન પહેલાનું ચાલુ

જો કે, ૧૫૦ના તેના ટાર્ગેટ સુધી તે પહોંચી શકશે નહીં. કોંગ્રેસ ૬૩થી ૭૩ સીટો મેળવી શકશે. ન્યુઝ-૨૪-ચાણક્યના એગ્ઝિટ પોલમાં ભાજપને હિમાચલમાં ૫૫ સીટો અને કોંગ્રેસને ૧૩ સીટો આપવામાં આવી રહી છે. ઈન્ડિયા ટીવીમાં જણાવવામાં આવ્યું છે કે, ગુજરાતની ચૂંટણીમાં પ્રથમ તબક્કામાં ૪૯-૬૧ સીટો જીતશે જ્યારે કોંગ્રેસ ૨૯-૩૭ સીટ જીતશે. આવી જ રીતે ઈન્ડિયા ટુડે-એક્સિસ માય ઈન્ડિયાના એગ્ઝિટ પોલમાં કહેવામાં આવ્યું છે કે, ભાજપ ૯૯-૧૧૩ અને કોંગ્રેસ ૬૮-૮૨ તેમજ અન્યો ૧-૪ સીટ જીતશે. રિપબ્લિક ટીવી દ્વારા જણાવવામાં આવ્યું છે કે, ગુજરાતમાં મોદી પાવર અકબંધ રહેશે. ભાજપ ૧૦૮ સીટો જીતી જશે. ટાઈમ્સનાઉના સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે, ભાજપ ગુજરાતમાં ૧૧૫ સીટો જીતશે જ્યારે કોંગ્રેસને ૬૫ સીટ મળી શકે છે. હિમાચલ પ્રદેશમાં ઈન્ડિયા ટુડે ભાજપને શાનદાર જીત આપે છે. એબીપી ન્યુઝ-સીએસડીએસ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, ભાજપ હિમાચલમાં જોરદાર સપાટો બોલાવશે અને ૪૭-૫૫ સીટ જીતી જશે. અત્રે નોંધનીય છે કે, ગુજરાતમાં આજે બીજા તબક્કાનું મતદાન થયું હતું.

## આક્ષેપબાજી...

● અનુસંધાન પહેલાનું ચાલુ

આચારસંહિતાનો સરેઆમ ભંગ થયો તે આઘાતજનક છે. ચૂંટણી પંચ દ્વારા પ્રસ્તુત કિસ્સામાં વડાપ્રધાન મોદી અને તેમના નેતાઓ વિરૂધ્ધ કોઈ કાર્યવાહી નહી કરીને જે પક્ષપાતભર્યુ વલણ દાખવાયું છે, તે ભારે કરૂણતા છે. મતદાન સમયે શાસકપક્ષના કોઈ વડાપ્રધાને આ પ્રકારે રોડ શો કરી ચૂંટણી આચારસંહિતાનો ભંગ કર્યો હોય તેવું દેશની લોકશાહીના ઈતિહાસમાં અગાઉ કયારેય બન્યું નથી. એક સ્વતંત્ર આર્બીટર હોવાછતાં ભારતીય ચૂંટણી પંચે તેની સ્થિતિ સાથે સમાધાન કરી લીધુ હોય તેવું પ્રતીત થઈ રહ્યું છે. શું એવું નથી લાગી રહ્યું કે, વડાપ્રધાન મોદી દ્વારા ચૂંટણી આચારસંહિતાનો અને બંધારણીય નિયમોનો સરેઆમ ભંગ કરાયો હોવાછતાં ચૂંટણી પંચ આંખો બંધ કરીને બેસી રહ્યું હોય? કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ રણદીપ સૂરજેવાલા અને અશોક ગેહલોતે ચૂંટણી પંચ પર બેવડા ધોરણોનો ગંભીર આક્ષેપ કર્યો હતો કે, અમે ચૂંટણી પંચને વહેલી સવારથી આઠ વાગ્યાથી મળવાની અપોઈન્ટમેન્ટ માંગી છે પરંતુ ચૂંટણી પંચ કાર્યાલય તરફથી અમને સાંજના ચાર વાગ્યે બોલાવાયા છે.